# ચાના ભાવો પર કોરોના લોકડાઉનની અસર: WITDAનું મૂલ્યાંકન

May 28, 2020 3943 Views






લોકડાઉનના કારણે 80 મિલીયન કીલોગ્રામ ઉત્પાદન ઘટયું

રાજકોટ તા. 28
વેસ્ટર્ન ઇન્ડિયા ટી ડીલર્સ એસોસિએશન ()ની સ્થાપના વર્ષ 1989માં કરવામાં આવી હતી, જે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની વિશાળ સભ્યપદ ધરાવતા પશ્ર્ચિમ ભારતના અગ્રણી ચા વેપારીઓનું એક સંગઠન છે, અને ત્રણેય રાજયોમાં વાર્ષિક ચાનો વપરાશ આશરે 235 મિલિયન કિલોગ્રામથી વધુ છે.
ઠઈંઝઉઅએ ચાના ઉત્પાદન અને તેના સપ્લાય પર લોકડાઉનની અસરો વિષે એક વિસ્તૃત મૂલ્યાંકન તૈયાર કર્યું છે. ચાના બગીચાઓમાં થતાં કામકાજ ઉપર 2 મહિનાના લોક-ડાઉનના કારણે ભારે અસર થઇ છે, આના કારણે ઉત્પાદનમાં આશરે 80 મિલિયન કિલોગ્રામ જેટલો ઘટાડો નોંધાયો છે. આ આકારણીના મુખ્ય પાસા આ પ્રમાણે છે.
2020માં શરૂઆતના મહિનાઓમાં સરેરાશથી ઓછું ઉત્પાદન સરકારી પ્રતિબંધોને કારણે ચાના બગીચાઓમાં કામદારોની ઓછી હાજરી
2020ના બાકીના મહિનાઓ દરમ્યાન ઉત્પાદનમાં સુધારો થવાની સંભાવના, જે ઉત્પાદનમાં થયેલા ઘટાડાની ભરપાઇ કરી શકે છે. આ લોકડાઉનની અસર ચાના ઉત્પાદન પર માર્ચના મહિનાથી થઇ જયારે હજી તો ચાનું ઉત્પાદન શરૂ જ થયું હતું. જેના કારણે ચા ના ઉત્પાદનમાં નુકશાનની અસર ઓછી થઇ છે. ભારતની ચાની વાર્ષિક ખપત આશરે 1080 મિલિયન કિલોગ્રામ છે. જે દર મહિને લગભગ 90 મિલિયન કિલોગ્રામ જેટલી થાય છે. જો કે, લોકડાઉનના કારણે ઘરની બહારના વપરાશ (આઉટ ઓફ હોમ) પર ઊંડી અસર પડી છે.
રસ્તા ઉપર આવેલી નાની ચાની દુકાનો,રેસ્ટોરન્ટ/ કાફે,હોટેલ, ઓફિસો, ઔધોગિક મથકો, કેન્ટિન્સ વગેરેના સંસ્થાકીય વપરાશમાં મોટો ઘટાડો નોંધાયો છે.

ઘરની બહાર (આઉટ ઓફ હોમ) થતી ચાની ખપત એ કુલ ખપતના આશરે 50% જેટલી છે, જે દર મહિને લગભગ 45 મિલિયન કિલોગ્રામ જેટલી થાય છે. આમ, 2 મહિનાના લોકડાઉનના પરિણામે વપરાશમાં 90 મિલિયન કિલોને ઘટાડો થયો હતો, જેની ભરપાઇ ઘરે થતાં ચાના વપરાશમાં વધારાથી થઇ નથી. પહેલી મે 2020ની ઘરની બહાર (આઉટ ઓફ હોમ) થતી ચાની ખપત માત્ર 10% જ છે.
આ હકીકત ને ધ્યાને લેતા, એ સ્પષ્ટ થાય છે કે સપ્લાય અને માંગ સંતુલનમાં છે અને ખરેખર જે શરૂઆતમાં




ધારણા હતી તેનાથી વિપરીત છે. છુટક બજારમાં ચાના પેકેટોના વેચાણમાં ડેટા દર્શાવે છે કે ઘરની બહાર ચા નો વપરાશ નહીવત થયો છે.
એક અનુમાન છે કે ઉત્પાદન પર લોકડાઉનની અસરના કારણે તથા નવી ચાની ખરીદી ન થવાથી વેપારીઓ પાસે સ્ટોક ઘટયો, જેથી હવે નવી સીઝનની ચાની ખરીદી ને વેગ મળશે. ફાર્મ ગેઇટના ભાવમાં કિલોગ્રામ દીઠ 80 થી 100 રૂપિયાના વધારા સાથે આ વાત સાચી સાબિત થઇ છે. ઠઈઝઉઅ અનુસાર, વાસ્તવિક અનેમાંગની ખોટી ગણતરીના લીધે આ હકીકતને ઉત્તેજન મળ્યું છે. ઠઈઝઉઅના મતે, બજારની આ ગતિવિધિ પુરવઠા અને માંગની વચ્ચે મેળ ન હોવાની વાતને પ્રતિબિંબિત કરતી નથી.
ઠઈઝઉઅ અનુસાર, એવા ઘણા પરિબળો છે જે 2020માં છુટક ભાવનો અંદાજ આંકવામાં મુખ્ય ભુમિકા ભજવી શકે છે.
ઘરની બહાર વપરાશમાં ઘટાડો. જેના કારણે પહેલાથી જ રિટેલ વેચાણ પર પ્રતિકુળ અસર થઇ છે.
લોકડાઉનના સમયમાં પ્રારંભિક ઇન્વેન્ટરી/ સ્ટોકમાં ઘટાડો અને હાલના ઓછા વેચાણના કારણે સ્ટોક નો ભરાવો.
ચા ની ખરીદીના ભાવમાં વધારાને જોતા પેકેટો અથવા રિટેલ ભાવમાં વધારો કરવામાં કેટલીક મુશ્કેલીઓ આવી શકે છે. આમ તો ચા ભારતીય પરિવારોમાં ખુબ જ લોકપ્રિય પીણું છે, પરંતુ હાલની પરિસ્થિતિમાં લોકોની આવકની અસ્થિરતાને કારણે તેના વપરાશને અસર થઇ શકે છે. આ લોકડાઉન દ્વારા દેખીતી રીતે જ દેશની વસ્તીનો એક મોટો સમૂહ આર્થિક સંકટ સામે ઝઝૂમી રહ્યો છે. નોકરી ગુમાવવી, રોજગાર ઠપ્પ થઇ જવો, વેતનમાં ઘટાડો, પર પ્રાંતીય કારીગરોનું પોતાના ગામડાઓમાં સ્થળાંતર.. આ બધા કેટલાક એવા કારણો છે કે જેના કારણે ચાના છુટક ભાવમાં વધારો શકય કેવી રીતે બનશે? 2020ના બાકીના મહિનાઓ દરમિયાન ઉપરોકત બાબતોને ધ્યાનમાં રાખીને, ચાના વ્યાપાર સાથે સંકળાયેલા લોકોએ ખરીદ વ્યવહારનું આયોજન કરવું પડશે.